## સ્વાધ્યાય 14.2

1. **નીચેનું કોષ્ટક એક વર્ષ દરમિયાન એક દવાખાનામાં દાખલ થયેલા દર્દીઓની ઉંમર દર્શાવે છે :**

| ઉંમર (વર્ષમાં) | 5 - 15 | 15 - 25 | 25 - 35 | 35 - 45 | 45 - 55 | 55 - 65 |
|---|---|---|---|---|---|---|
| દર્દીઓની સંખ્યા | 6 | 11 | 21 | 23 | 14 | 5 |

**ઉપર આપેલી માહિતી માટે બહુલક અને મધ્યક શોધો. આ બે માપોની સરખામણી અને અર્થઘટન કરો.**

જ. મધ્યક :

| ઉંમર (વર્ષ માં) | દર્દીઓની સંખ્યા $(f_i)$ | મધ્યકિંમત $(x_i)$ | $d_i = x_i - a$ | $f_i d_i$ |
|---|---|---|---|---|
| 5 – 15 | 6 | 10 | −20 | −120 |
| 15 – 25 | 11 | 20 | −10 | −110 |
| 25 – 35 | 21 | $30 = a$ | 0 | 0 |
| 35 – 45 | 23 | 40 | 10 | 230 |
| 45 – 55 | 14 | 50 | 20 | 280 |
| 55 – 65 | 5 | 60 | 30 | 150 |
| કુલ | 80 | | | 430 |

કોષ્ટક પરથી $\sum f_i = 80$, $\sum f_i d_i = 430$ અને $a = 30$ કિંમતો મળે છે.

$\therefore\ \bar{x} = a + \frac{\sum f_i d_i}{\sum f_i}$

$\therefore\ \bar{x} = 30 + \frac{430}{80}$

$\therefore\ \bar{x} = 30 + 5.375$

$\therefore\ \bar{x} = 35.375 = 35.38$

મધ્યક સૂચવે છે કે દાખલ થયેલાં દર્દીઓની સરેરાશ ઉંમર 35.38 વર્ષ છે.

બહુલક :

બહુલક વર્ગ $= 35 - 45$

વર્ગ લંબાઈ $= 10$

બહુલક વર્ગની અધ:સીમા $(l) = 35$

બહુલક વર્ગની આવૃત્તિ $(f_1) = 23$

બહુલક વર્ગની આગળના વર્ગની આવૃત્તિ $(f_0) = 21$

બહુલક વર્ગની પાછળના વર્ગની આવૃત્તિ $(f_2) = 14$

$\therefore$ બહુલક $= l + \left(\frac{f_1 - f_0}{2f_1 - f_0 - f_2}\right) \times h$

$\therefore$ બહુલક $= 35 + \left(\frac{23 - 21}{2(23) - 21 - 14}\right) \times 10$

$\therefore$ બહુલક $= 35 + \left(\frac{2}{46 - 35}\right) \times 10$

$\therefore$ બહુલક $= 35 + \left(\frac{2}{11}\right) \times 10$

$\therefore$ બહુલક $= 35 + \frac{20}{11}$

$\therefore$ બહુલક $= 35 + 1.81$

$\therefore$ બહુલક $= 36.81$

બહુલક સૂચવે છે કે દાખલ થયેલાં દર્દીઓની મહત્તમ ઉંમર 36.81 વર્ષ છે.

**2.** **નીચેની માહિતી 225 વીજઉપકરણોના આયુષ્યની (કલાકોમાં) પ્રાપ્ત માહિતી દર્શાવે છે :**

| આયુષ્ય (કલાકોમાં) | 0 - 20 | 20 - 40 | 40 - 60 | 60 - 80 | 80 - 100 | 100 - 120 |
|---|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 10 | 35 | 52 | 61 | 38 | 29 |

**તો ઉપકરણોના આયુષ્યનો બહુલક નક્કી કરો.**

**જ.** બહુલક વર્ગ $= 60 - 80$

વર્ગ લંબાઈ $= 20$

બહુલક વર્ગની અધ:સીમા $(l) = 60$

બહુલક વર્ગની આવૃત્તિ $(f_1) = 61$

બહુલક વર્ગની આગળના વર્ગની આવૃત્તિ $(f_0) = 52$

બહુલક વર્ગની પાછળના વર્ગની આવૃત્તિ $(f_2) = 38$

$\therefore$ બહુલક $= l + \left(\frac{f_1 - f_0}{2f_1 - f_0 - f_2}\right) \times h$

$\therefore$ બહુલક $= 60 + \left(\frac{61 - 52}{2(61) - 52 - 38}\right) \times 20$

$\therefore$ બહુલક $= 60 + \left(\frac{9}{122 - 90}\right) \times 20$

$\therefore$ બહુલક $= 60 + \left(\frac{9}{32}\right) \times 20$

$\therefore$ બહુલક $= 60 + \frac{90}{16}$

$\therefore$ બહુલક $= 60 + 5.625$

$\therefore$ બહુલક $= 65.625$

તેથી, ઉપકરણોના આયુષ્યનો બહુલક 65.625 કલાક છે.

**3.** **નીચેની માહિતી એક ગામનાં 200 કુટુંબો માટે તેમના ઘર ચલાવવા માટે કુલ માસિક ખર્ચનું આવૃત્તિ વિતરણ દર્શાવે છે. કુટુંબોનો માસિક ખર્ચનો બહુલક શોધો તથા કુટુંબોના મસિક ખર્ચ નો મધ્યક શોધો :**

| માસિક ખર્ચ (₹ માં) | કુટુંબોની સંખ્યા |
|---|---|
| 1000 - 1500 | 24 |
| 1500 - 2000 | 40 |
| 2000 - 2500 | 33 |
| 2500 - 3000 | 28 |
| 3000 - 3500 | 30 |
| 3500 - 4000 | 22 |
| 4000 - 4500 | 16 |
| 4500 - 5000 | 7 |

**જ.** બહુલક :

બહુલક વર્ગ $= 1500 - 2000$

વર્ગ લંબાઈ $= 500$

બહુલક વર્ગની અધ:સીમા $(l) = 1500$

બહુલક વર્ગની આવૃત્તિ $(f_1) = 40$

બહુલક વર્ગની આગળના વર્ગની આવૃત્તિ $(f_0) = 24$

બહુલક વર્ગની પાછળના વર્ગની આવૃત્તિ $(f_2) = 33$

$\therefore$ બહુલક $= l + \left(\frac{f_1 - f_0}{2f_1 - f_0 - f_2}\right) \times h$

$\therefore$ બહુલક $= 1500 + \left(\frac{40 - 24}{2(40) - 24 - 33}\right) \times 500$

$\therefore$ બહુલક $= 1500 + \left(\frac{16}{80 - 57}\right) \times 500$

$\therefore$ બહુલક $= 1500 + \left(\frac{16}{23}\right) \times 500$

$\therefore$ બહુલક $= 1500 + \frac{8000}{23}$

$\therefore$ બહુલક $= 1500 + 347.826$

$\therefore$ બહુલક $= 1847.83$

મધ્યક :

વર્ગ લંબાઈ $(h) = 500$

ધારેલો મધ્યક $(a) = 2750$ લેતાં,

| માસિક ખર્ચ (₹ માં) | કુટુંબોની સંખ્યા ($f_i$) | મધ્યકિંમત ($x_i$) | $d_i = x_i - a$ | $u_i = \frac{x_i - a}{h}$ | $f_i u_i$ |
|---|---|---|---|---|---|
| 1000 – 1500 | 24 | 1250 | −1500 | −3 | −72 |
| 1500 – 2000 | 40 | 1750 | −1000 | −2 | −80 |
| 2000 – 2500 | 33 | 2250 | −500 | −1 | −33 |
| 2500 – 3000 | 28 | $2750 = a$ | 0 | 0 | 0 |
| 3000 – 3500 | 30 | 3250 | 500 | 1 | 30 |
| 3500 – 4000 | 22 | 3750 | 1000 | 2 | 44 |
| 4000 – 4500 | 16 | 4250 | 1500 | 3 | 48 |
| 4500 – 5000 | 7 | 4750 | 2000 | 4 | 28 |
| **કુલ** | **200** | | | | **−35** |

કોષ્ટક પરથી $\sum f_i = 200$, $\sum f_i u_i = -35$, $a = 2750$ અને $h = 500$ કિંમતો મળે છે.

$\therefore\ \bar{x} = a + \left(\frac{\sum f_i u_i}{\sum f_i}\right) h$

$\therefore\ \bar{x} = 2750 + \left(\frac{-35}{200}\right) \times 500$

$\therefore\ \bar{x} = 2750 - \frac{175}{2}$

$\therefore\ \bar{x} = 2750 - 87.5$

$\therefore\ \bar{x} = 2662.50$

તેથી, કુટુંબોનો માસિક ખર્ચનો બહુલક ₹ 1847.83 તથા કુટુંબોના મસિક ખર્ચ નો મધ્યક ₹ 2662.50 મળશે.

**4.** **નીચેનું વિતરણ ભારતની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રાજ્યવાર શિક્ષક – વિદ્યાર્થી ગુણોત્તરનું આવૃત્તિ વિતરણ આપે છે. આ માહિતીનો બહુલક અને મધ્યક શોધો. આ બે માપનું અર્થઘટન કરો.**

| પ્રતિ શિક્ષક વિદ્યાર્થીઓની સંખ્યા | રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોની સંખ્યા |
|---|---|
| 15 - 20 | 3 |
| 20 - 25 | 8 |
| 25 - 30 | 9 |
| 30 - 35 | 10 |
| 35 - 40 | 3 |
| 40 - 45 | 0 |
| 45 - 50 | 0 |
| 50 - 55 | 2 |

**જ.** બહુલક :

બહુલક વર્ગ $= 30 - 35$

વર્ગ લંબાઈ $= 5$

બહુલક વર્ગની અધ:સીમા $(l) = 30$

બહુલક વર્ગની આવૃત્તિ $(f_1) = 10$

બહુલક વર્ગની આગળના વર્ગની આવૃત્તિ $(f_0) = 9$

બહુલક વર્ગની પાછળના વર્ગની આવૃત્તિ $(f_2) = 3$

$\therefore$ બહુલક $= l + \left(\frac{f_1 - f_0}{2f_1 - f_0 - f_2}\right) \times h$

$\therefore$ બહુલક $= 30 + \left(\frac{10 - 9}{2(10) - 9 - 3}\right) \times 5$

$\therefore$ બહુલક $= 10 + \left(\frac{1}{20 - 12}\right) \times 5$

$\therefore$ બહુલક $= 10 + \left(\frac{1}{8}\right) \times 5$

$\therefore$ બહુલક $= 10 + \frac{5}{8}$

$\therefore$ બહુલક $= 10 + 0.625$

$\therefore$ બહુલક $= 10.625$

મધ્યક :

| **પ્રતિ વિદ્યાર્થી શિક્ષક સંખ્યા** | **રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની સંખ્યા $(f_i)$** | **મધ્યકિંમત $(x_i)$** | $d_i = x_i - a$ | $u_i = \frac{x_i - a}{h}$ | $f_i u_i$ |
|---|---|---|---|---|---|
| 15 – 20 | 3 | 17.5 | $-15$ | $-3$ | $-9$ |
| 20 – 25 | 8 | 22.5 | $-10$ | $-2$ | $-16$ |
| 25 – 30 | 9 | 27.5 | $-5$ | $-1$ | $-9$ |
| 30 – 35 | 10 | $32.5 = a$ | 0 | 0 | 0 |
| 35 – 40 | 3 | 37.5 | 5 | 1 | 3 |
| 40 – 45 | 0 | 42.5 | 10 | 2 | 0 |
| 45 – 50 | 0 | 47.5 | 15 | 3 | 0 |
| 50 – 55 | 2 | 52.5 | 20 | 4 | 8 |
| **કુલ** | **35** | | | | **$-23$** |

કોષ્ટક પરથી $\sum f_i = 35$, $\sum f_i u_i = -23$, $a = 32.5$ અને $h = 5$ કિંમતો મળે છે.

$\therefore \bar{x} = a + \left(\frac{\sum f_i u_i}{\sum f_i}\right) h$

$\therefore \bar{x} = 32.5 + \left(\frac{-23}{35}\right) \times 5$

$\therefore \bar{x} = 32.5 + \left(\frac{-23}{7}\right)$

$\therefore \bar{x} = 32.5 - \frac{23}{7}$

$\therefore \bar{x} = 32.5 - 3.28$

$\therefore \bar{x} = 29.22 = 29.2$

તેથી, માહિતીનો બહુલક 30.6 અને મધ્યક 29.2 છે.

બહુલક સૂચવે છે કે મોટાભાગના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રતિ 30.6 વિદ્યાર્થીએ એક શિક્ષક છે.

મધ્યક સૂચવે છે કે મોટાભાગના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રતિ 29.2 વિદ્યાર્થીએ એક શિક્ષક છે.

**5.** **નીચે આપેલ આવૃત્તિ વિતરણ વિશ્વના કેટલાક શ્રેષ્ઠ બેટ્સમેનો દ્વારા એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચોમાં નોંધાવેલ રનની સંખ્યા આપે છે :**

| નોંધાવેલ રન | બેટ્સમેનોની સંખ્યા |
|---|---|
| 3000 - 4000 | 4 |
| 4000 - 5000 | 18 |
| 5000 - 6000 | 9 |
| 6000 - 7000 | 7 |
| 7000 - 8000 | 6 |
| 8000 - 9000 | 3 |
| 9000 - 10000 | 1 |
| 10000 - 11000 | 1 |

માહિતીનો બહુલક શોધો.

**જ.** બહુલક વર્ગ $= 4000 - 5000$

વર્ગ લંબાઈ $= 1000$

બહુલક વર્ગની અધ:સીમા $(l) = 4000$

બહુલક વર્ગની આવૃત્તિ $(f_1) = 18$

બહુલક વર્ગની આગળના વર્ગની આવૃત્તિ $(f_0) = 4$

બહુલક વર્ગની પાછળના વર્ગની આવૃત્તિ $(f_2) = 9$

$\therefore$ બહુલક $= l + \left(\frac{f_1 - f_0}{2f_1 - f_0 - f_2}\right) \times h$

$\therefore$ બહુલક $= 4000 + \left(\frac{18 - 4}{2(18) - 4 - 9}\right) \times 1000$

$\therefore$ બહુલક $= 4000 + \left(\frac{14}{36 - 13}\right) \times 1000$

$\therefore$ બહુલક $= 4000 + \frac{14000}{23}$

$\therefore$ બહુલક $= 4000 + 608.695$

$\therefore$ બહુલક $= 4608.695 = 4608.7$

તેથી, માહિતીનો બહુલક 4608.7 રન છે.

**6.** **એક વિદ્યાર્થીએ, પ્રત્યેક 3 મિનિટનો એક એવા 100 સમયગાળા માટે રસ્તા પરની એક જગ્યાએથી પસાર થતી ગાડીઓની સંખ્યાની નોંધ કરી અને તેને નીચે આપેલ કોષ્ટકમાં સંક્ષિપ્ત સ્વરૂપમાં દર્શાવી છે. આ માહિતીનો બહુલક શોધો.**

| ગાડીઓની સંખ્યા | 0 - 10 | 10 - 20 | 20 - 30 | 30 - 40 | 40 - 50 | 50 - 60 | 60 - 70 | 70 - 80 |
|---|---|---|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 7 | 14 | 13 | 12 | 20 | 11 | 15 | 8 |

**જ.** બહુલક વર્ગ $= 40 - 50$

વર્ગ લંબાઈ $= 10$

બહુલક વર્ગની અધ:સીમા $(l) = 40$

બહુલક વર્ગની આવૃત્તિ $(f_1) = 20$

બહુલક વર્ગની આગળના વર્ગની આવૃત્તિ $(f_0) = 12$

બહુલક વર્ગની પાછળના વર્ગની આવૃત્તિ $(f_2) = 11$

$\therefore$ બહુલક $= l + \left(\frac{f_1 - f_0}{2f_1 - f_0 - f_2}\right) \times h$

$\therefore$ બહુલક $= 40 + \left(\frac{20 - 12}{2(20) - 12 - 11}\right) \times 10$

$\therefore$ બહુલક $= 40 + \left(\frac{8}{40 - 23}\right) \times 10$

$\therefore$ બહુલક $= 40 + \frac{80}{17}$

$\therefore$ બહુલક $= 40 + 4.7$

$\therefore$ બહુલક $= 44.7$

તેથી, માહિતીનો બહુલક 44.7 ગાડીઓ છે.